## VIAની ચૂંટણીમાં ૧૪ સભ્યો બિનહરીફ

**હાલના** પ્રમુખ સતિષભાઈ પટેલ સહિત દસ કમિટી મેમ્બર રીપીટ કરાયા

વાપી : વાપીના ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરતી વાપી ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ચૂંટણીમાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે હાલની ટીમના જ ૧૪ સભ્યોના ફોર્મ ભરાતા ચૂંટણીમાં સતત બીજી વખત આખી ટીમ બિનહરીફ થઈ છે. આ ટીમમાં ગત ટીમ પૈકી ચાર સભ્યો બદલાયા છે. હાલના પ્રમુખ સતિષભાઈ પટેલ, સેક્રેટરી કલ્પેશભાઈ વોરા સહિત દસ સભ્યો ફરીથી બિન હરીફ થયા છે.

વીઆઇએની ચૂંટણી જાહેર થયા બાદ આજે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે જે ૧૪ સભ્યોએ ફોર્મ ભર્યા છે તે હમણાંની વીઆઇએના હોદ્દેદારોની પેનલના જ છે. જેમાં ગત ટર્મમાંથી ચાર સભ્યોને બદલવામાં આવ્યા છે. વીઆઇએમાં પ્રમુખ સતિષભાઈ પટેલના નેતૃત્વની ટીમે હમણાં જે મોટા પ્રોજેક્ટ હાથ ધર્યા છે. તેમાં વીઆઇએના નવા ઓડિટોરીયમ તેમજ ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર જેવા મહત્વના કામો હાલ ચાલી રહ્યા છે. આ ઉપરાંત વાપીના ઉદ્યોગોની જીવાદોરી સમાન સીઈટીપીના એક્સપાન્શન તેમજ પાઈપ લાઈનના પ્રોજેક્ટો હવે થવાના છે. તે જોતા આ ટીમ ફરી આવી તેનાથી ઉદ્યોગો તેમજ વાપીને ફાયદો થશે. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શનમાં છેલ્લા ત્રણ વર્ષથી આ ટીમે ઘણાં કામ કર્યા છે. એડવાઈઝરી બોર્ડમાં કનુભાઈ દેસાઈ તેમજ યોગેશભાઈ કાબરીયા, મિલનભાઈ દેસાઈ, એ.કે.શાહ, એલ.એન.ગર્ગ દ્વારા વખતોવખત વીઆઇએની ટીમને માર્ગદર્શન મળતું રહ્યું છે. હવે પછીના ત્રણ વર્ષ વાપીના ઉદ્યોગો માટે વીઆઇએની આ ટીમ વધુ સક્રિયતાથી કામ કરીને નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરશે તેવું હાલ લાગી રહ્યું છે.

### આ ૧૪ સભ્યોમાંથી નવા હોદ્દેદાર બનશે

વીઆઇએની પાંચ માર્ચે યોજનારી ચૂંટણી પહેલા જ આખી ટીમ બિનહરીફ થઈ જતા હવે નવા હોદ્દેદારોની નિમણૂંક થશે. ૧૪ બિનહરીફ સભ્યોમાં હાલના પ્રમુખ સતિષભાઈ પટેલ, હાલના સેક્રેટરી કલ્પેશભાઈ વોરા, હાલના ઉપપ્રમુખ મગનભાઈ સાવલિયા, રાજુલ શાહ, ચંદ્રેશ મારૂ, પ્રભાકર બોરલે, સંજય સવાણી, કુલદિપ પટેલ, ક્રિષ્ણાનંદ હેબલે, રાજ ગોગદાની, મુન ડાયકેમના હાર્દિકભાઈ શાહ, બેસ્ટ પેપર મિલના કેતનભાઈ શાહ, લઘુ ઉદ્યોગ ભારતીના મેહુલભાઈ પટેલ તથા રાજીવ મુદ્રાનો સમાવેશ થાય છે.

**વલસાડ જિલ્લામાં તંત્રે હજી ફોર્મ- ૭ અંગેના વાંધાઓ અંગે કોઇ આંકડા જાહેર કર્યા નથી**

## SIRમાંથી 2,37,670 મતદારો બાકાત

**જે** મતદારોને નોટિસ આપી બોલાવ્યા તેમાંથી 11,273 અયોગ્ય ઠર્યા

**ખોટી** રીતે જે લોકોએ ફોર્મ-૭ ભર્યા હોય તેની સામે કાયદેસરની કાર્યવાહી ક્યારે થશે. તે સવાલ મહત્વનો




વાપી : વલસાડ જિલ્લામાં SIRની કવાયત બાદ હવે જાહેર થનારી યાદીમાંથી 2,37,670 મતદારો બાકાત થયા છે. જેમાં નોટિસ આપી બોલાવ્યા હતા તેવા મતદારો પૈકી 11,273 અયોગ્ય ઠર્યા છે. જોકે તંત્ર હજી ફોર્મ- ૭ અંગેના વાંધાઓ અંગે કોઈ આંકડા જાહેર કરાયા નથી. છતાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે વાંધો લેનારાઓએ કોઈ પૂરાવા નહીં આપ્યા હોય તેવી વાંધા અરજીઓ રદ કરીને જેતે નામને યાદીમાં અકબંધ રાખ્યા હોવાનું જાણવા મળે છે.

વલસાડ જિલ્લામાં 13,85,507 મતદારો પૈકી 2,37,670 મતદારો બાકાત થતાં હવે 11,47,837 મતદારો યોગ્ય ઠર્યા છે. જોકે ૧૭મી ફેબ્રુઆરીએ આ યાદી જાહેર થશે. વલસાડ જિલ્લામાં ફોર્મ-૭ને લઈને કોંગ્રેસ દ્વારા ઠેરઠેર આવેદનપત્ર આપીને સાચા મતદારોના નામોને કઢાવી નાંખવાના ચાલી રહેલા પ્રયાસની સામે ભારે વિરોધ દર્શાવ્યો હતો. આ કારણે કેટલીક જગ્યાએ ખોટી રીતે ફોર્મ-૭ ભર્યાની વાતને લઈને લોકોમાં નારાજગી જોવા મળી હતી. પરંતુ હવે ફોર્મ-૭ અંગે પણ તંત્ર દ્વારા ટૂંક સમયમાં જ આંકડા જાહેર કરાય તેવી સંભાવના છે. હવે ખોટી રીતે જે લોકોએ ફોર્મ-૭ ભર્યા હોય તેની સામે કાયદેસરની કાર્યવાહી ક્યારે થશે. તે સવાલ મહત્વનો છે.

**વિધાનસભા પ્રમાણે નીકળી ગયેલા મતદારો**

| | |
|---|---|
| ધરમપુર | 15960 |
| વલસાડ | 40010 |
| પારડી | 75950 |
| કપરાડા | 27174 |
| ઉમરગામ | 78576 |

## નડોદ નજીક કાર-રિક્ષાની ટક્કરમાં પાંચને ઈજા

નવસારી : જલાલપોર તાલુકામાં ઉમરાટ-મરોલી માર્ગ પર નડોદ ગામ નજીક કાર અને રિક્ષા વચ્ચે અથડામણ થતાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની ઘટના સામે આવી છે.

પ્રાથમિક માહિતી મુજબ, અકસ્માતમાં રિક્ષા ચલાવી રહેલા ભૂપત પટેલને ઈજા પહોંચી હતી. સાથે સાથે કારમાં મુસાફરી કરી રહેલા મોહન શેઠિયા, સુશીલાદેવી શેઠિયા, પુષ્પરાજ નોલખા સહિત અન્ય એક વ્યક્તિને પણ ઈજા થતાં તમામને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. માહિતી અનુસાર, કારમાં સવાર તમામ લોકો પરુજણ ગામમાં આવેલા ગ્રીન પેરેડાઈઝ રો હાઉસ ખાતે યોજાયેલા લગ્ન પ્રસંગમાં હાજરી આપ્યા બાદ સુરત ફરી રહ્યા હતા. તે દરમિયાન નડોદ નજીક રિક્ષા સાથે અથડામણ થઈ હતી. અકસ્માતની જાણ થતાં જ મરોલી પોલીસે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. હાલ તમામ ઈજાગ્રસ્તોની સારવાર ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. મરોલી પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની નોંધ લઈ વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગેનું ચોક્કસ કારણ પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ સ્પષ્ટ થશે.

## કપરાડાના બુરવડ નજીક દમણગંગા નદીમાં થતું રેતીખનન

**ખાણ** ખનીજ વિભાગે 1 હોડી, 1 જે.સી.બી, 2 ટેમ્પો-ટ્રક મળી કુલ રૂપિયા 40 લાખનો મુદ્દામાલ સીઝ કર્યો



વલસાડ : વલસાડ ખાણ ખનીજ વિભાગે કપરાડા તાલુકાના બુરવડ દમણગંગા નદી પટમાંથી ગેરકાયદે રેતીખનન સ્થળે છાપો મારી વહન માટે ઉપયોગ કરવામાં આવતા 1 યાંત્રિક હોડી, 1 જેસીબી મશીન અને 2 ટેમ્પો-ટ્રક મળી અંદાજે કુલ રૂપિયા 40 લાખનો મુદ્દામાલ સીઝ કરી માપણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ, મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની સુચનાથી સેલવાસ અને ગુજરાત રાજ્યની બોર્ડર પર મધુબન ડેમ અને નદીમાંથી રેતી ચોરી બાબતે ફરિયાદ અન્વયે માઈન્સ સુપરવાઈઝર અને સર્વેયરની તપાસ ટીમ દ્વારા લોકેશન આધારે બુરવડ ગામને લાગુ દમણગંગ, તા.કપરાડામાં ઓચિંતી તપાસ કરતાં સ્થાનિકે નદીમાં સાદી રેતી ખનિજનું ગેરકાયદે ખનન-વહન કરતાં હોવાનું જણાતાં સ્થળ ઉપર ગેરકાયદે રેતી ખનનવહન માટે ઉપયોગ કરવામાં આવેલી 1 યાંત્રિક નાવડી, 1 જેસીબી મશીન અને 2 ટેમ્પો-ટ્રક મળી અંદાજે કુલ રૂપિયા 40 લાખનો મુદ્દામાલ સીઝ કર્યો હતો અને માપણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગુજરાત ખનીજ(ખાણકામ/વહન/સંગ્રહ) નિવારણ નિયમ-2017 મુજબ નિયમાનુસાર આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## કેનેડાના વર્ક વિઝાના બહાને યુવક સાથે રૂ.18.33 લાખની છેતરપિંડી

**વિદેશ** જવાની ઘેલછામાં વલસાડનો યુવક છેતરપિંડીનો ભોગ બન્યો

**અસલ** પાસપોર્ટ પણ પોતાની પાસે રાખી જવાબ આપવાને બદલે ફોન બંધ કરી દીધા

વલસાડ : વિદેશ જવાની ઘેલછામાં વધુ એક યુવક છેતરપિંડીનો ભોગ બન્યો છે. વિદેશ જવાની લોકોને એટલી તાલાવેલી છે કે, તેઓ કોઈને પણ કંઈ પણ વિચાર્યા વિના પૈસા આપી દેતા હોય છે અને છેતરાતા હોવાની ઘટના બને છે. આવી વધુ એક ઘટના વલસાડમાં બની છે. જેમાં કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને વલસાડના એક યુવક પાસેથી કુલ રૂપિયા 18,33,432 પડાવી લઈ તેને વિઝાના બદલે ઠેંગો બતાવ્યો હતો. જેના પગલે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, કુણાલ દિનકરરાય પટેલ (રહે. વલસાડ) એ નોંધાવેલી ફરિયાદની વિગત મુજબ, વર્ષ 2019 માં તેઓને કેનેડા જવા માટે વર્ક પરમિટની જરૂર હતી. આ દરમિયાન તેઓ પારનેરામાં આવેલી 'જય હોલીડેઝ' નામની ઓફિસના એજન્ટ હર્ષભાઈ કૈલાશભાઈ રાઠોડ (રહે. ચણવઈ) ના સંપર્કમાં આવ્યા હતાં.

હર્ષભાઈએ અમદાવાદના એજન્ટ જીતેન્દ્રભાઈ રામાભાઈ પટેલ (જય ઈન્ટરનેશનલ) સાથે મુલાકાત કરાવી ખાતરી આપી હતી કે તેઓ કેનેડાના વર્ક વિઝા કરાવી આપશે. ટપ્પે ટપ્પે લાખો રૂપિયા પડાવ્યા હતા. આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ જીતવા માટે રૂપિયા 100 ના સ્ટેમ્પ પેપર પર કરાર પણ કર્યો હતો. ત્યારબાદ અલગ-અલગ બહાના હેઠળ જેમ કે ફાઈલ પ્રોસેસિંગ અને LMIA લેટર, કાયમી રેસિડેન્સી (PR) ફાઈલની ફી, મેડિકલ અને બાયોમેટ્રિક ચકાસણી અને પાસપોર્ટ જમા કરાવવાની પ્રક્રિયાના નામે માર્ચ 2019 થી એપ્રિલ 2025 દરમિયાન ફરિયાદી પાસેથી ચેક અને ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા કુલ રૂપિયા 18.33 લાખથી વધુની રકમ પડાવી લીધી હતી.

આરોપી જીતેન્દ્ર પટેલે ઝૂમ મીટિંગમાં બતાવવાના બહાને ફરિયાદીનો અસલ પાસપોર્ટ પણ પોતાની પાસે રાખી લીધો હતો અને પરત કર્યો ન હતો. જ્યારે ફરિયાદીએ વિઝા અંગે પૃચ્છા કરી, ત્યારે એજન્ટોએ સંતોષકારક જવાબ આપવાને બદલે ફોન બંધ કરી દીધા હતાં. જેના પગલે કૃણાલે તપાસ કરતાં અનેક લોકો જય હોલિડેમાં ભોગ બન્યા હોવાનું બહાર આવ્યું હતું. ત્યારે તેમણે આ સંદર્ભે વલસાડ રૂરલ પોલીસ મથકે ફરિયાદ કરતા પોલીસે આ મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બીલીમોરાની હાઇસ્કુલમાં બોર્ડના પરીક્ષાર્થીઓને શુભેચ્છાઓ પાઠવાઇ



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા ફ્રેન્ડસ ન્યૂ ઇંગ્લીશ સ્કૂલ ટ્રસ્ટ સંચાલિત જે.જે.મહેતા સાર્વ. હાઇસ્કુલમાં શનિવાર સવારે ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષાર્થીઓ માટે શુભેચ્છા, ઇનામ વિતરણ સમારંભ ટ્રસ્ટનાં પ્રમુખ ડો.સૂર્યકાંતભાઇ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. શાળાના આચાર્ય પંકજ પટેલે શબ્દપુષ્પોથી સ્વાગત કર્યું હતું. તેજસ્વી તારલાઓને ઇનામ તેમજ પ્રમાણપત્રો મહેમાનોના હસ્તે એનાયત કરાયા હતા. બોર્ડની પરીક્ષાની તૈયારી કરતા ધો.-૧૦ અને ધો.-૧૨ ના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી સફળતા માટે સખત મહેનત કરવાનો અનુરોધ કર્યો હતો. શાળા ટ્રસ્ટ દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓને પરીક્ષા ઉપયોગી શૈક્ષણિક કીટ પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે બીલીમોરા રોટરી ક્લબનાં પ્રમુખ નમિતા મહેતા અને મંત્રી વૈશાલી વાડીયા તથા ઇનરવ્હીલ ક્લબના મંત્રી હેમલબેન ઉપસ્થિત રહ્યા હતા. રોટરી ક્લબ બીલીમોરા તરફથી ૧૧ હજાર અને બીલીમોરા ઇનરવ્હીલ ક્લબ તરફથી રૂપિયા ૧૧ હજાર દાન લાઇબ્રેરી વિકાસ અર્થે અપાયા હતા. ટ્રસ્ટના નીનાબેન મહેતાએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. ટ્રસ્ટી અશોક ભટ્ટે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ટ્રસ્ટીઓ મનીષભાઇ દેસાઇ, જ્યાશ્રીબેન દેસાઇ અને પ્રથમેશ વશીએ વિદ્યાર્થીઓને સફળતા માટે સુભાશિષ પાઠવ્યા હતા. આચાર્ય મયુરીબેન રાઠોડે આભારવિધિ કરી હતી.

### ઉમરગામની હાઈસ્કૂલમાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા દિન ઉજવાયો



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ એમ.એમ. હાઈસ્કૂલમાં આગામી બોર્ડ પરીક્ષા નિમિત્તે ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓ માટે "શુભેચ્છા દિન"ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉમરગામ એજ્યુકેશન સોસ પ્રમુખ ઈશ્વરભાઈ બારી, મંત્રી ઉલ્હાસભાઈ ટંડેલ, ખજાનચી બંકીમભાઈ શાહ તથા શાળાનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે શાળાનાં ટ્રસ્ટી મંડળ તરફથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કીટમાં બોર્ડની માર્ગદર્શિકા મુજબ પરીક્ષામાં વિદ્યાર્થીઓને ઉપયોગી તમામ જરૂરી સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શાળાનાં આચાર્ય અલ્પેશ પટેલે વિદ્યાર્થીઓને પરીક્ષા સંબંધિત જરૂરી સૂચનાઓ આપી તેમને સમય પાલન, આત્મવિશ્વાસ અને એકાગ્રતા સાથે પરીક્ષા આપવા પ્રેરિત કર્યા હતા. ટ્રસ્ટીઓ તથા આચાર્ય અલ્પેશ પટેલે તમામ વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઉત્તમ સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના અંતે શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓનું મિષ્ઠાન દ્વારા મીઠું મોઢું કરાવી તેમને શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

### આછવણી પ્રગટેશ્વર ધામમાં નાસિકથી મહાશિવરાત્રિ માટે પદયાત્રીઓ પધાર્યા



ખેરગામ : ખેરગામ તાલુકાના આછવણી પ્રગટેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રિની ઉજવણી માટે નાસિક ગોદાવરી નદીના તટેથી કાવડમાં ગંગાજળ ભરી 150 જેટલા શિવભક્તોએ પદયાત્રાનો આરંભ કર્યો હતો. યાત્રા શનિવારે આછવણી પ્રગટેશ્વર ધામમાં પહોંચતા ધર્માચાર્ય પરભુદાદા, રમાબા તથા ગુજરાતના શિવ પરિવાર દ્વારા શોભાયાત્રા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પરભુદાદાએ આશીર્વચન આપી મહાશિવરાત્રીનુ મહાત્મય સમજાવ્યું હતું. પ્રગટેશ્વર સમિતિના પ્રમુખ બીપીન પરમારે જણાવ્યું કે પવિત્ર પર્વ આ વર્ષે 300 વર્ષના યોગ પછી એવો સંયોગ થયો છે જેમાં બુધ, શુક્ર, સૂર્ય અને રાહુના ચાર ગ્રહના સંયોગથી પર્વનું મહત્વ ખૂબ છે. આજે શનિ પ્રદોષ કાળે મહાશિવરાત્રિ અને સોમવારે સોમવતી અમાસ હોવાથી ખૂબ સરસ ત્રિવેણી સંયોગ થયો છે. રાત્રે રાજોપચાર અભિષેક અને કમલ પૂજા સાથે મહાઆરતી સાથે શિવરાત્રિનું સમાપન કરવામાં આવશે. સવારે મહાશિવરાત્રિ નિમિત્તે લઘુરુદ્ર યજ્ઞ, બપોરે મહાપ્રસાદ, સત્સંગ અને સાંસ્કૃતિક સહિતના અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

## વાંસદાના અંકલાછ ગામમાં બાઈક એડફેટે આધેડનું મોત

વાંસદા : વાંસદા તાલુકાના અંકલાછ ગામે રહેતા દિનેશભાઈ મવજીભાઈ પાડવી (ઉ.વ.૬૭) ગત ૬-૨-૨૦૨૬ ના રોજ અંકલાછથી બેડમાળ જવાના માર્ગ પર અંકલાછ ગામની હદમાં વાઝાબારી ફળિયા ખાતે ચાલતા તેમના ભાણેજના ઘરે જઈ રહ્યા હતા, તે દરમિયાન સીડી ૧૦૦ મો.સા. નંબર જીબીકે ૭૩૭૪ ના ચાલક અકેશ જાઈનભાઈ દરવડા (રહે.બેડમાળ ખોલબારી ફળિયું) એ દિનેશ પાડવીને પાછળથી ટક્કર મારતા શરીરે ગંભીર ઈજાઓ થતા તેમને સારવાર માટે ધરમપુર લઈ ગયા હતાં. ત્યાંથી વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતાં. જ્યાં સારવાર દરમ્યાન દિનેશભાઈનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મરનાર દિનેશભાઈ પાડવીના પુત્ર રાકેશભાઈએ અંકેશ દરવડા વિરુદ્ધ વાંસદા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

## ડાંગનાં ભેંસકાતરી ગામમાં દીપડીનું બચ્ચુ મળી આવ્યું



ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં ઉત્તર વન વિભાગમાં સમાવિષ્ટ ભેંસકાતરી રેંજનાં ભેંસકાતરી નજીકથી આજે દીપડીનું એક માસૂમ બચ્ચુ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. સૂકા પાંદડા અને કાંટાળી ઝાડીઓ વચ્ચે છુપાયેલા આ બચ્ચા વિશે ગ્રામજનોએ ભેંસકાતરી રેંજ વિભાગને જાણ કરી હતી, જેના પગલે ભેંસકાતરી રેંજનાં RFO એસ.કે.કોંકણી અને ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. હાલમાં વન વિભાગની ટીમે સાવચેતીપૂર્વક આ બચ્ચાનું રેસ્ક્યુ કરી તેને સુરક્ષિત રીતે કબજે લીધું હતુ. સામાન્ય રીતે આવા કિસ્સામાં માદા દીપડી પોતાના બચ્ચાની શોધમાં ફરી તે જ વિસ્તારમાં આવતી હોય છે. આ બાબતને ધ્યાને રાખીને ઉત્તર વન વિભાગની ટીમે દીપડી (માતા) ને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. બચ્ચાને તેની માતા સાથે પુનઃ મિલન કરાવી સુરક્ષિત રીતે જંગલમાં છોડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. જ્યાં સુધી માતા ન મળી આવે ત્યાં સુધી વનકર્મીઓ દ્વારા તે વિસ્તારમાં દેખરેખ રાખવામાં આવી રહી છે. હાલમાં વન વિભાગ દ્વારા દીપડી માતાને શોધવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે અને આ નાનકડા બચ્ચાને ફરી તેની માતા સાથે મિલન કરાવી જંગલમાં સુરક્ષિત રીતે છોડવા માટેની જરૂરી તજવીજ હાથ ધરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ડાંગમાં ગાંજાની ખેતી કરનાર આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા

સાપુતારા : ડાંગ જિલ્લાની એડિશનલ સેશન્સ કોર્ટ - આહવાના ન્યાયાધીશ ડો. પી. એ. પરમાર દ્વારા આહવા પોલીસ દ્વારા વર્ષ ૨૦૧૪મા નોંધાયેલા ગુનાના આરોપી ધર્મુભાઈ ચૌધરીને ૧૦ વર્ષની સખત કેદની સજા ફરમાવી છે. આરોપીએ પોતાના ખેતરમાં શાકભાજી સાથે ગાંજા જેવી નશીલાપદાર્થની ગેરકાયદે ખેતી કરી હતી. જેથી આહવા પોલીસે આરોપીના ખેતરમાં બાતમીના આધારે રેડ કરી હતી. જેમાં પોલીસે ૮.૨૭૦ કિલોગ્રામ જેની અંદાજિત કિંમત રૂપિયા ૧૬,૫૪૦ ની કિંમતના ગાંજાના છોડ મળી આવ્યાં હતાં. જેથી પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જે બાદ આહવા કોર્ટમાં કેસ ચલાવવામાં આવ્યો હતો. આહવા સેશન્સ કોર્ટમા સરકારી વકીલ સી. એમ. ઠાકરે દ્વારા આરોપી વિરુદ્ધ પુરાવાઓ રજૂ કરી ધારદાર રજુઆત કરતાં, આહવા કોર્ટનાં ન્યાયાધીશ ડો પી. એ. પરમાર દ્વારા આરોપીને ક્રિમિનલ પ્રોસિજરની કલમ ૨૩૫(૨) અન્વયે એન. ડી. પી. સી એક્ટ ૧૯૮૫ ની કલમ ૨૦(એ) મુજબ આ સજા કરવામાં આવી છે.

### જલાલપોરના બોરસી ઝીંગા ફાર્મમાં કામદારનું શંકાસ્પદ મોત

નવસારી : નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના બોરસી માછીવાડ ગામ ખાતે આવેલા જીલ એક્વા લિમિટેડ કંપનીના ઝીંગા તળાવ વિસ્તારમાં કામ કરતા એક શ્રમિકનું અચાનક મોત નિપજતા ચકચાર મચી છે. મળતી માહિતી મુજબ, ઝારખંડ રાજ્યના સિમડેગા જિલ્લાના રહેવાસી અને હાલ બોરસી ખાતે કંપનીના રૂમમાં રહેતા બિનિત ગિલબર્ટ કેરકેટ્ટા (ઉંમર 34)ને શ્વાસની તકલીફની સમસ્યા હતી. તા. 12 ફેબ્રુઆરી 2026ની રાત્રે અંદાજે સાડા આઠ વાગ્યે તેઓ પોતાના રૂમમાં સુવા ગયા હતા. આગલા દિવસે તા. 13 ફેબ્રુઆરીના રોજ સવારે સાડા અગિયાર વાગ્યાના આસપાસ તેમને ઉઠાડવાનો પ્રયાસ કર્યો હતો પણ તેઓ બેભાન હાલતમાં મળ્યા હતા. ત્યારબાદ કંપનીના મેનેજર દ્વારા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. સ્થળ પર પહોંચેલા 108 એમ્બ્યુલન્સના તબીબી સ્ટાફે તપાસ કરીને સાંજે અંદાજે 16:45 વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે જાણ કરનાર બબલુ બડાઇક (ઉંમર 25)ની માહિતીના આધારે મરોલી પોલીસે ગુનો નોંધ્યો છે. સમગ્ર મામલે વધુ તપાસ એ.એસ.આઈ. પ્રવિણભાઈ રત્નાભાઈ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

## વલસાડમાં દારૂડિયાએ માંગ્યો પાંવ ને મળી જેલ

**પાવ** ન મળતાં દારૂના નશામાં પોલીસમાં ફોન કર્યો તો પોલીસવાળા આવ્યા અને તેને ઉઠાવી ગયા

વલસાડ : કહેવાય છે કે નશો માણસ પાસે શું ન કરાવે! વલસાડમાં એક એવો કિસ્સો બન્યો છે જ્યાં એક યુવકને મોડી રાત્રે 'પાવ' ખાવાની તીવ્ર ઈચ્છા થઈ, પણ નસીબ જોગે તેને પાવ ન મળતા તેણે સીધો જ પોલીસને ફોન જોડી દીધો. પરિણામ એ આવ્યું કે હવે ભાઈ જેલમાં બેસીને પાવ-ભાજીના સપના જોઈ રહ્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, વલસાડના ઘડુચી તળાવ પાસે રહેતા જીજ્ઞેશભાઈ મહેશભાઈ રાણા (ઉં. 29) એ રાત્રે 112 હેલ્પલાઇન પર કોલ કરીને ગાંધીનગર કંટ્રોલ રૂમને ફરિયાદ કરી કે, સાહેબ, એક દુકાનવાળો મને પાવ આપતો નથી અને મારી સાથે ઝઘડો કરે છે! ફરિયાદ મળતા જ વલસાડ પોલીસની ટીમ મદદ કરવા ઘટના સ્થળે પહોંચી. પણ ત્યાં જઈને જે દ્રશ્ય જોયું તે જોઈને પોલીસ પણ માથું ખંજવાળવા લાગી હતી. ત્યાં ફરિયાદી પોતે જ ફૂલ ગુલાબી નશામાં જોવા મળ્યો હતો.

પોલીસને પાવની રામાયણ સંભળાવનાર જીજ્ઞેશભાઈ પોતે જ દારૂના નશામાં ચૂર હતા અને તોતડાતી જીભે 'લવારા' કરી રહ્યો હતો.

જેના પગલે પોલીસે તેને સરકારી ગાડીમાં બેસાડી પોલીસ સ્ટેશન ભેગો કર્યો અને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી જેલની હવા ખવડાવી હતી. હવે ચર્ચા એ છે કે ભાઈને પાવ મળ્યા કે નહીં એ તો ખબર નથી, પણ પોલીસની 'વર્દી' એ ભાઈનો નશો ચોક્કસ ઉતારી દીધો હશે!

## બાલચોંડી ભુવનેશ્વર મહાદેવ મંદિરે મેળાની શરૂઆત

**ત્રણ** દિવસમાં 1 લાખથી વધુ ભક્તો ઉમટી પડશે



વલસાડ : નાનાપોંઢાના બાલચોંડીમાં કોલક નદીના કિનારે આવેલી ઐતિહાસિક અને 100 વર્ષોથી ભક્તોના આસ્થાનું પ્રતિક બનેલા ભુવનેશ્વર મહાદેવ મંદિરમાં ત્રિદિવસીય મહાશિવરાત્રિના મેળાની શરૂઆત શનિવારથી થઈ છે જે સોમવાર સુધી ચાલશે.

રવિવારે મહાશિવરાત્રિના પર્વની ઉજવણી ભક્તિભાવપૂર્વક ઉજવાશે. અહીં પૂર્વમાં કોલક નદીના તટે ગંગાજી નામે ઓળખાતા કુંડમાં સ્થાનિક મંદિરની જાળવણી કરતા વડીલો, પૂજારીઓના મતે રાજા રજવાડાના સમયથી અહીં આવેલા કુંડમાં અવિરત પાણી વહે છે, સાથે હાલે જ્યાં મંદિર આવેલું છે ત્યાં બાજુમાં વાંસનુંજંગલ આવેલું છે. જ્યાં સ્વંયભુ હનુમાનજીની પ્રતિમા બહાર આવી હતી. જેને ભક્તોએ આસ્થાપૂર્વક બહાર કાઢી તેની વિધિસર પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. 1962માં રીનોવેશન કરી તેમાં લક્ષ્મીજી માતાજીની મૂર્તિઓની સ્થાપના કરાઈ હતી. ત્યારથી સતત અહીં મહાશિવરાત્રિ દરમિયાન સૌથી મોટો મેળો યોજાય છે. જેમાં હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડે છે. ગંગાજીમાં સ્નાન બાદ મંદિરમાં દર્શન કરી ધન્યતા અનુભવે છે. સરપંચ રાજેશ પટેલે જણાવ્યું કે, ભક્તોના આસ્થાનું પ્રતિક મંદિર ઉપરાંત હનુમાનજીની સ્વંયભુ પ્રતિમા ગંગાજીનો કુંડ આસ્થાનું પ્રતિક છે. ટ્રસ્ટ દ્વારા ભક્તો માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે. આવનારા સમયમાં મંદિરને આધુનિક બનાવવા ઉપરાંત બગીચો પણ બનાવવાની યોજના છે. અહીં આવી ભક્તો ધન્યતા અનુભવે છે.


**ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે જીલ્લો **વલસાડ**, તાલુકો **વલસાડ**ના મોજે ગામ **વાઘલધરા**ના જુના **સર્વે/બ્લોક નંબર : ૯૩ પૈકી ૧**, જેનો નવો **બ્લોક નંબર : ૩૫૬ થી** નોંધાયેલ બિનખેતીની જમીન **જેનું ક્ષેત્રફળ હે.આરે.૦-૯૮-૭૫ ચો. મી.** વાળી બિન ખેતીની જમીન તથા જીલ્લો **વલસાડ**, તાલુકો **વલસાડ**ના મોજે ગામ **વાઘલધરા**ના જુના **સર્વે/બ્લોક નંબરઃ ૯૩ પૈકી ૧**, જેનો નવો **બ્લોક નંબર : ૩૫૯ થી** નોંધાયેલ બિનખેતીની જમીન **જેનું ક્ષેત્રફળ હે.આરે.૦-૧૧-૯૬ ચો. મી.** વાળી બિન ખેતીની જમીન **(૧) તુષારભાઈ અરવિંદભાઈ શાહ તથા (૨) મનોજભાઈ અરવિંદભાઈ શાહ** ની માલીકીની ચાલી આવેલી છે પરંતુ ઉપરોકત મીલકતના અસલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજો પૈકી **રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૫૩૫, તા.૦૩/૦૯/૧૯૮૩ તથા અનુક્રમ નં. ૨૫૭૨ થી તા.૨૧/૧૦/૧૯૯૧ ઓરીઝનલ વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન ફીની ઓરીઝનલ પાવતી** ગેરવલ્લે યાને ગુમ થયેલ છે. તે ઓરીઝનલ રજી. વેચાણ 'દસ્તાવેજો તથા તે દસ્તાવેજોની પાવતી શોધવા છતાં મળી આવેલ નથી. સદરહું ઓરીઝનલ રજી. વેચાણ દસ્તાવેજો તથા તે દસ્તાવેજોની પાવતી મળવા તથા તેના પરના કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હક, હિત, હિસ્સો હોઈ કે કોઈનું કાંઈપણ પ્રકારનું લેણું, કરજ, ગીરો કે બોજો હોઈ કે કોઈના સાટાખાતની રૂએના કે કુલ મુખત્યારનામા ની રૂએના હકકો હોઈ કે ખોરાકી પોષાકીના કે વારસાઈ હકકો હોઈ કે કોઈપણ પ્રકારનાં અગ્ર હકક, હિત, સંબંધ કે દાવો, લીયન બોજો હોય તથા ઉપરોકત જમીન અમારા અસીલને વેચાણ કરવા માંગે છે. જેથી સદર જમીન મીલકતમાં કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, હકક, હીત, કબજો, સાટો, ભોગવટો, સંબંધ કે દાવો, લીયન બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દીન-૦૭ માં ઓરીઝનલ ડોક્યુમેન્ટ તથા લેખીત પુરાવાઓ લઈ અમારા અસીલ તર્ફે અમોને મળવુ. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હીત કે બોજો નથી અને હોય તો તે છોડી દીધેલ છે અને ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની ઓરીઝનલ રજી. વેચાણ દસ્તાવેજો તથા તે દસ્તાવેજોની પાવતી કે 'કબજા બાબતની કે અન્ય તર-તકરાર, વાંધો વિરોધ, દાવા-દુવી ચાલશે નહી, તેમજ ઉપરોકત જમીન મુળ જમીન માલીકોને પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ તેના મુળ માલીક યાને **(૧) તુષારભાઈ અરવિંદભાઈ શાહ તથા (૨) મનોજભાઈ અરવિંદભાઈ શાહ** પાસેથી મારા અસીલના નામે કરી કરાવી લેવામા આવશે. જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

ઓફીસ : ૪૦૫, રાઈઝ ઓન પ્લાઝા, સરથાણા જકાતનાકા, સુરત. મો.નં. ૯૮૨૪૩-૬૬૯૧૬

**ભરત પી. ડોબરીયા**
એડવોકેટ